

ઉત્તરાયણના તહેવારને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે પતંગ રસિયાઓનો ઉત્સાહ હવે ચરમસીમાએ છે. હાલ બજારોમાં પતંગ, દોરી, ફીરકી, ભુંગળા અને રંગબેરંગી ટોપીઓ આવી ગઈ છે ત્યારે આકાશી યુદ્ધ માટે યોદ્ધાઓએ ખરીદી ચાલુ કરી દીધી છે.

# શિવપુરાકંપામાં ખોટા દસ્તાવેજોથી કૃષિવીજ જોડાણ મેળવતા પોલીસ ફરિયાદ

## ઉચ્ચકક્ષાએથી તપાસ કરવામાં આવે તો ધનસુરા તાલુકામાં ખોટા દસ્તાવેજોના ઘણા કૌભાંડ ઝડપાયા

ધનસુરા, તા. ૧૧

ધનસુરા તાલુકાના શિવપુરાકંપામાં બોગસ દસ્તાવેજથી વીજ જોડાણ મેળવવા મામલે ધનસુરા યુજીવીસીએલ કંપનીના નાયબ કાર્યપાલક ઈજનેર સહીત પાંચ સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર શિવપુરા કમ્પાના રહેવાસી છગનભાઈ હરજીભાઈ પટેલ છેલ્લા ઘણા વર્ષોથી ખેડબ્રહ્મા રહે છે. શિવપુરાકમ્પા ખાતે વારસાઈમાં ભાગમાં આવેલી જમીનમાં ખેતી પણ કરે છે. નવી શિણોલ ગામની સીમમાં આવેલ સર્વે નં. ૬૮૯ હરજીભાઈ લાલજીભાઈ પટેલનાં નામે ચાલે છે હરજીભાઈ લાલજીભાઈ પટેલનું અવસાન થતા ભાઈઓમાં વારસાઈની કાર્યવાહી કરેલ હતી. પરંતુ કેશુભાઈ હરજીભાઈ પટેલે મામલતદાર પટેલનું અવસાન થતા ભાઈઓમાં વારસાઈની કાર્યવાહી કરેલ હતી પરંતુ કેશુભાઈ હરજીભાઈ પટેલે મામલતદાર કચેરીમાં વાંધો લેતા પ્રક્રિયા થઈ રહેલ ન હતી. શિવપુરાકંપામાં આવેલ સર્વે નંબર ૬૮૯માં કોઈ જ વીજ કનેક્શન ન હતું અને હરજીભાઈ પટેલના નામે જૂની અરજી કરેલ હોઈ વીજ જોડાણ મંજુર થયેલ હતું અને હરજીભાઈ લાલજીભાઈ પટેલના ખોટા દસ્તાવેજો બનાવી કેશુભાઈ હરજીભાઈ રપટેલ રહે. શિવપુરા કમ્પા, તા. ધનસુરાનાઓએ શિણોલ ગામની સીમમાં આવેલ સર્વે નં. ૬૮૯માં વીજ કનેક્શન મેળવી લીધું હતું. છગનભાઈ પટેલ ખેડબ્રહ્માથી અવાર નવાર ખેતી કામ માટે શિવપુરાકંપા ખાતે આવતા હતા. જે દરમિયાન ખેતરમાં વીજ લાઈનના વીજપોલ ઉભા થયેલા જોતાં પોતાના નાના ભાઈ તેમજ શિવપુરા કંપા ખાતે રહેતા ભત્રીજાઓને પુછતાં સંતોષકારક જવાબ મળ્યો ન હતો. આ અંગે ધનસુરા વિદ્યુતબોર્ડમાં તપાસ કરતા ત્યાંથી પણ સરખો જવાબ ન મળતા છગનભાઈએ માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ ધનસુરા વિદ્યુતબોર્ડમાં માહિતી માંગતા નાયબ કાર્યપાલ ઈજનેરે માહિતી પુરી પાડતા જાણવા મળ્યું કે હરજીભાઈ લાલજીભાઈ

● અનુસંધાન પાના - ૭ પર

# આગીયા ગામમાં રોકડ દાગીના મળી ૫ લાખની ચોરી

## ઢોર ચરાવવા રાખેલ પતિ-પત્નિએ સગાને સાથે રાખી ખેલ પાડ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામે રહેણાંક મકાનના દરવાજાનું તાળુ તોડી પતરાની પેટીમાંથી રૂ. ૪.૭૦ લાખ રોકડા તથા રૂ. ત્રીસ હજારની સોનાની લકી મળી રૂ. ૫ લાખની ચોરીના બનાવ સંદર્ભે ગોવાળીયા તરીકે ઢોર ચરાવવા રાખેલ પતિ અને પત્નિ સહીત ત્રણ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર આગીયા ગામના રાજેન્દ્રસિંહ દિલિપસિંહ દેવડાના નવીન મકાનનું કામ ચાલતુ હોઈ તબેલા પાસેની રહેણાંક ઓરડીમાં રહેતા હતા. દરમિયાન શનિવારે રાજેન્દ્રસિંહ તેમના સામાજીક કામ અંગે બહારગામ ગયા હતા અને તેમના પિતા દિલિપસિંહ તેમના પિત્રાઈ કૃષ્ણપાલસિંહ દેવડા બિમાર હોવાથી તેમના ઘરે સુવા માટે ગયા હતા. રાજેન્દ્રસિંહે ઢોર ચરાવવા માટે ગોવાળીયા તરીકે પંથાલ ગામના લક્ષ્મણભાઈ આલાભાઈ તથા તેની પત્ની સવિતાબેનને નોકરીએ રાખ્યા હતા. શનિવારે બહારગામ જતા રાજેન્દ્રસિંહે આ ગોવાળીયાઓને ઘરની દેખરેખ રાખવાનું કહીને ગયા હતા. દરમિયાન રવિવારે તેમના પિતાજીનો ફોન આવ્યો હતો કે ઘરમાં ચોરી થઈ છે તેથી રાજેન્દ્રસિંહ તાબડતોબ ઘેર દોડી આવ્યા હતા અને ગોવાળીયા પતિ-પત્નિ હાજર ન દેખાતા જુના મકાનમાં રહેતા તેમના ખેત ભાગીયાને પુછતા હકીકત સામે આવી હતી. ભાગીયાએ જણાવ્યું હતું કે શનિવારે રાત્રે લક્ષ્મણભાઈના સાળા મણાભાઈ વાદળી ટેમ્પો લઈને આવ્યા હતા. લક્ષ્મણભાઈ પાસેથી આ હકીકત જાણી ઘરમાં સુવા માટે જતો રહ્યો હતો. આ અંગે રાજેન્દ્રસિંહે તપાસ કરતાં ટેમ્પા નંબર જીજે૦૯.એવી.૮૫૨૪માં રૂ. ૫ લાખની માલમત્તાની ચોરી કરી ગોવાળીયો તેની પત્ની અને સાળો પલાયન થઈ ગયા હતા.

આ અંગે રાજેન્દ્રસિંહ દેવડાએ લક્ષ્મણભાઈ આલાભાઈ બજાણીયા તથા સવિતાબેન લક્ષ્મણભાઈ બજાણીયા તથા મણાભાઈ કાળાભાઈ બજાણીયા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગલતેશ્વરમાં રમત ગમત સપ્તાહનું આયોજન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડ ઉપર આવેલ પ્રોટોલેઈન ટેબલવેટનું ઉત્પાદન કરતી અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ પ્રા.લિ. (મલ્ટી નેશનલ કંપની)માં કંપનીના કર્મચારીઓના મનોરંજન તેમજ ઉત્સાહ વધારવા માટે 'રમતગમત સપ્તાહ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્દ્ઘાટન સુરેન્દ્રનાથ પેરૂમારેક (સી.ઈ.ઓ.) ધર્મેન્દ્ર મહાશંકર જાની (જનરકલ મેનેજર ઓપરેશન) તેમજ હેડ એચ.આર. રમાકાન્ત દાસ દ્વારા કરવામાં આવ્યું હતુ જ્યારે આ પ્રસંગે સીનીયર એચ.આર. ગોસ્વામી તેમજ જાયન્ટ ગૃપના પ્રમુખ ડૉ. એન.કે. ડેરિયા સહિત આંમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રાંતિજમાં કોંગ્રેસે પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા સામે ધરણા યોજી આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા ગુજરાત સરકારે કરેલા પેટ્રોલ તથા વેટના ભાવ વધારાના વિરોધમાં ધરણા યોજી રેલી કાઢી પ્રાંતિજ પ્રાન્ત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે ગુજરાત સરકાર દ્વારા પેટ્રોલના તથા વેટના ભાવ વધારો કરતાં તેના વિરોધને લઈ ભાંખરીયા બસસ્ટેન્ડ ઉપર કોંગ્રેસ દ્વારા ધરણા યોજી રેલી કાઢી પ્રાતંજ પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પંચાયત મહિલા પ્રમુખ દક્ષાબેન રાઠોડ, તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, મણીભાઈ પટેલ, બીપીનભાઈ રામસિંહ, અનિલ પટેલ સહિત કોંગ્રેસના હોદેદારો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## મોડાસામાં ચાઈનીઝ તુક્કલ, દોરી, ફટાકડાનો ઉપયોગ ન કરવા વિદ્યાર્થીઓએ શપથ લીધા

મોડાસા મારૂતિ વિકાસ મંડળ, જેશી મિલ્ક કમિટી અને જે.સી.આઈ. દ્વારા મોડાસામાં આવેલી સર્વોદય સ્કૂલ કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલ, મદની હાઈસ્કૂલ, સરસ્વતિ બાલમંદિરના વિદ્યાર્થીઓ દ્વારા આવી રહેલા ઉત્તરાયણ પર્વમાં ચાઈનીસ તુક્કલ, ચાઈનીઝ દોરી તથા ઉત્તરાયણ પર ધાબામાં ફટાકડા ના ફોડવાના શપથ લીધા હતા. ચાઈનીઝ દોરીના કારણે કેટલાય વ્યક્તિઓએ પોતાનો જીવ ખોયો છે. ગુજરાત હાઈકોર્ટ પણ ચાઈનીઝ તુક્કલ, દોરી પર પ્રતિબંધ મુકેલ છે. છતાં પણ કેટલાક વેપારીઓ પૈસાની લાલચમાં એનું વેચાણ કરી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા જ તુક્કલ અને દોરી ન ખરીદવા અને ઉત્તરાયણ પર ધાબા પર ફટાકડા ન ફોડવાના શપથ લીધા હતા. ઉત્તરાયણ પર ધાબામાં ફટાકડા ફોડવાને કારણે અવાજથી પક્ષીઓ ઉડાઉડ કરતાં હોય છે. અને તેથી તે પક્ષીઓ પતંગની દોરીથી ઘવાય છે.

# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સિક્યુરીટી ગાર્ડની દાદાગીરી સામે દર્દીઓ પરેશાન

પાલનપુર જનરલ સિવિલ હોસ્પિટલમાં કાયદેસર રીતે કોન્ટ્રાક્ટ દ્વારા મુકવામાં આવેલી સિક્યુરીટી એજન્સીએ પોતાની એજન્સી પેટા કોન્ટ્રાક્ટ તરીકે આપી દેતા આ એજન્સીના સિક્યુરીટી ગાર્ડના વર્તન અને મનમાની સામે દર્દીઓ અને તેમના સગા ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે તેવી ફરિયાદ પાલનપુર શહેર કોંગ્રેસના પ્રમુખે કરી છે અને હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી અને તાનાશાહીની તપાસ કરવા માંગ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠામાં ગરીબ અને પછાત વર્ગને ઉપયોગી થાય તે માટે પાલનપુરમાં સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી છે. જેમાં યોગ્ય વ્યવસ્થા જળવાય તે માટે કાયદેસર રીતે રાજદીપ એન્ટ્રપ્રાઈઝ ગાંધીનગર નામની સિક્યુરીટી કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. પરંતુ આ સિક્યુરીટી કંપનીએ પોતાનો કોન્ટ્રાક્ટ પેટા કોન્ટ્રાક્ટ એજન્સીને આપી દીધો છે. જે સદંતર નિયમ વિરૂદ્ધ છે.

આ પેટા કોન્ટ્રાક્ટ એજન્સીના સિક્યુરીટી ગાર્ડ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ સાથે આવતા દર્દીઓના સગા સાથે ગેરવર્તન કરી તેમને પરેશાન કરી રાત્રીના સમયે માર મારી નીચે કાઢી મુકે છે તેવી અનેક ફરિયાદો ઉઠવા પામી છે.

ઉપરાંત દર્દીઓને ધમકાવી દિવસ દરમિયાન સિક્યુરીટી સર્વિસના માણસો પ્રાઈવેટ પાર્કિંગ કરી રૂપિયા ઉઘરાવે છે. તેમજ દર્દીઓને બહારની હોસ્પિટલમાં મોકલવા ખાનગી એજન્ટો તરીકે પણ કામ કરે છે. તેમ પાલનપુર શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશ ચૌહાણે જણાવ્યું હતુ. અને આ સિવિલ હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી અને સિક્યુરીટી ગાર્ડની દાદાગીરી સામે પગલા લેવા માંગ કરી છે.

### બુઢેલી ગામમાં નદીના પટમાં અજાણ્યા ઈસમે નીલ ગાયને ગોળી મારી હત્યા કરતાં ચકચાર

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તાર પાસે આવેલ બુઢેલી ગામમાં નદીના પટમાં અજાણ્યા ઈસમે નીલ ગાયને ગોળી મારી હત્યા કરતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા વન વિભાગ અધિકારી બી.એમ.ઠાકોરના જણાવ્યા મુજબ બુઢેલી નદીના પટમાં મધ્યરાત્રે કોઈ અજાણ્યા ઈસમે નીલ ગાયને ગોળી મારી હત્યા કરતાં તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષક સમિતી, ગૌ-રક્ષકોએ જણાવ્યું હતું કે વન્ય પ્રાણીઓ અને પશુઓનું રક્ષણ કરવાની મોટી મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે ત્યારે રાજ્ય સરકારના પ્રયાસો વિરૂધ્ધ નીલ ગાયને અજાણ્યા ઈસમ ધ્વારા ગોળી મારી હત્યા કરાતાં નીલ ગાયને ગોળી મારી હત્યા કરનાર ઈસમોને વન વિભાગ ધ્વારા સત્વરે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરવા જીવદયા પ્રેમીઓ અને ગૌ-રક્ષકોની પ્રબળ લોકમાંગણી છે.

# માલપુરમાં કોંગ્રેસે પેટ્રોલ-ડિઝલના ભાવવધારા સામે મામલતદારને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના માલપુર નગરમાં માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ-ડિઝલના ભાવમાં અસહ્ય વધારો ભાવ વધારાની બાબતને લઈને નારાઓ લગાવ્યા હતા કે પ્રજા પરેશાન મોંઘવારીનો માર ક્યાં છે ભાજપ સરકાર, મોંઘવારી કેરો ભુંડો પાર ક્યાં ખોવાઈ ગઈ રૂપિયા પ્રતિ લીટરે ઉપલબ્ધ હતુ. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાજપના શાસનમાં આંતરરાષ્ટ્રીય ક્રૂડ તેલનો ભાવ ૩૪ ડોલર પ્રતિ લીટર હોવા છતાં



ઝિંકાતા મામલતદારને તા. ૧૧ જાન્યુઆરીના રોજ વધુ મોંઘવારીને લીધે અને પેટ્રોલ ડિઝલના ભાવમાં અસહ્ય વધારો ઝીંકાતા આ વધારો પાછો ખેંચવા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ આ માલપુર નગરમાં માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રમુખ સુરેન્દ્રસિંહ એ. રાઠોડની આગેવાની હેઠળ માલપુરના યુવા કાર્યકરો દ્વારા આ પેટ્રોલ-ડિઝલના ભાજપ સરકાર. આવા સૂત્રોની નારાબાજી કરી આવેદન-પત્ર આપવામાં આવ્યું હતું અને આ આવેદનમાં જણાવ્યું હતું કે, આ મોંઘવારીમાં આ ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગને આ મોંઘવારીમાં જીવન જીવવું ખુબજ કઠિન બની ગયું છે અને આમાં વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્રની કોંગ્રેસ સરકાર ડૉ. મનમોહનસિંહના શાસનમાં ૨૦૦૬માં આંતરરાષ્ટ્રીય ક્રૂડ તેલનો ભાવ પ્રતિ લીટરે ૩૪ ડોલર હતો ત્યારે નાગરિકોને પેટ્રોલ ૩૦ દેશના અંદાજે ૧૨૫ કરોડ નાગરિકને પેટ્રોલના ૬૪ રૂપિયા પ્રતિ લીટરે ચુકવવા પડે છે. આ તે કેવો ન્યાય આવી અનેક બાબતોનો ઉલ્લેખ આ આવેદનપત્રમાં કરવામાં આવ્યો હતો અને આ મોંઘવારીને તાકિદે પાછી ખેંચવા માટે માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિના તમામ યુવા કાર્યકરો દ્વારા આ મોંઘવારી તાકીદે પાછી ખેંચવાની નારાબાજી સાથે ઉગ્ર રજુઆત કરી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### મેઘરજ નાગરિક બેંકના ડીરેક્ટર્સ ચૂંટાયા

ઈસરી, તા. ૧૧

મેઘરજ નાગરિક બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણી રવિવારના રોજ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. ચૂંટણી નિરીક્ષક અધિકારી સુભાષભાઈ કે. પટેલ અને ચૂંટણી અધિકારી પી.પી. દોષીની ઉપસ્થિતિમાં ચૂંટણી યોજવામાં આવી હતી. નાગરિક બેંકના ૧૩ ડીરેક્ટર્સ પદ જેમાં અનુસૂચિત જનજાતીની ૧ બેઠક, મહિલા અનામતની ૨ બેઠકો અને સામાન્ય ૧૦ બેઠકો માટે કુલ ૨૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ જામ્યો હતો.

● **વિજેતા ઉમેદવારોનું નામ**

પોપટલાલ સુરમાભાઈ રાંત, કૈલાસબેન દિલીપભાઈ સોની, હેમાંગીબેન વિનયકુમાર કાવઠિયા, ધર્મેન્દ્રકુમાર ભરતભાઈ મહેતા, સંદિપકુમાર સુરેશભાઈ ઉપાધ્યાય, ઈન્દ્રવદન હરિવલ્લભ કાવઠીયા, કુમુદકુમાર પુજીલાલ દોશી, સુભાષચંદ્ર રમણલાલ પંડ્યા, અશોકભાઈ હરિવલ્લભદાસ ગાંધી, રોનકકુમાર રસિકલાલ કાવઠીયા, કનુપ્રસાદ વિઠ્ઠલદાસ ઉપાધ્યાય, પંકજકુમાર રણછોડદાસ ગાંધી, જીતેન્દ્રકુમાર ડાહ્યાભાઈ ભાટીયા.

### પાલનપુરમાં એસ. આર. પી. જવાને ગળે ફાંસો ખાતા ચકચાર

પાલનપુર, તા. ૧૧

પાલનપુર શહેરના ખારાવાસ વિસ્તારમાં રહેતા એક એસ.આર.પી. જવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. ખારાવાસમાં રહેતો મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ ડોડીયા નામનો ૨૮ વર્ષીય યુવાન એસઆરપીમાં ફરજ બજાવતો હતો. કચ્છમાં એસઆરપી જવાન તરીકે ફરજ બજાવતો મહેન્દ્રસિંહ ડોડીયા હાલમાં રજા પર પોતાના ઘેર આવ્યો હતો. ત્યારે અગમ્ય કારણોસર તેણે આજે ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા તેના પરીવારજનો પર આભ તુટી પડ્યું હતું. પોલીસે જવાનના મૃતદેહને પી.એમ. માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

### ચાંગા ગામે નર્મદા કેનાલમાંથી અજાણ્યા ઈસમનો મૃતદેહ મળ્યો

કાંકરેજ તાલુકાના ચાંગા ગામ પાસે પસાર થતી નર્મદા કેનાલમાં આજરોજ એક અજાણ્યા ઈશમનો મૃતદેહ લોકોને નજરે પડતા થરા પોલીસને આ બાબતની જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે થરા પોલીસ આવીને મૃતદેહ પાણીમાંથી બહાર કઢાવીને થરા રેફરલ ખાતે લાવવામાં આવ્યો હતો.




## હિંમતનગર ખાતે ઈન્ટરનેશનલ ડાન્સ શો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એકલવ્ય ફાઉન્ડેશન અને નિલકંઠ ફાઉન્ડેશન દ્વારા ત્રીજો ઈન્ટરનેશનલ ડાન્સ શૉ હિંમતનગર ખાતે આવેલ ગાંધી ટાઉન હોલમાં યોજાયો હતો. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓએ ડાન્સ શૉમાં ભાગ લીધો હતો. હિંમતનગર ખાતે ઈન્ટરનેશનલ ડાન્સ શૉ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ શૉમાં સુંદર પ્રફોર્મસ કરી આવનાર વાલીઓ થતા પ્રેક્ષકોના દિલ જીતી હતા. જ્યારે ડાન્સ ઈન્ડિયા ડાન્સ, એડીટેનમેન કે લીયે કુચબી કરેગા તથા ગુજરાતી ફિલ્મ છેલ્લા દિવસના કલાકાર સહિત ડાન્સ કોમ્પીટીશનમાં ભાગ લેનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને એકલવ્ય ફાઉન્ડેશનના હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.